# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન

**Full Solution**

**સમય : 3 કલાક** — **અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 5**

### વિભાગ A

**1.** (F), **2.** (C), **3.** (E), **4.** (A), **5.** (B), **6.** ✓ (સાચું), **7.** × (ખોટું), **8.** ✓ (સાચું), **9.** × (ખોટું), **10.** ✓ (સાચું), **11.** 1972, **12.** હૈદરાબાદ, **13.** બીજી, **14.** પૂર્વ અને દક્ષિણ, **15.** વિવેક એક્સપ્રેસ, **16.** (D) પ્રાચીન ભારતના જ્યોતિર્ધરોએ ભારતની આર્થિક એકતા પર ભાર મૂક્યો હતો. **17.** (B) (1 - b), (2 - a), (3 - d), (4 - c), **18.** (B) સાબરમતી, **19.** (C) વિકાસશીલ **20.** (D) ધાતુઓનું ખોદકામ **21.** ભોટિયા લોકો **22.** અમદાવાદ **23.** અમેરિકા, જાપાન **24.** માધ્યમિક ક્ષેત્ર.

Liberty

**વિભાગ B**

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

25. ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે. - સમજાવો.

➡ સમુદ્રની ઉત્તરે અને હિમાલયની દક્ષિણે આવેલા સ્થળનું નામ ભારતવર્ષ છે. જેનાં સંતાનો ભારતીય છે, તેમ પ્રાચીન ગ્રંથ વિષ્ણુપુરાણમાં કહેવાયું છે.

➡ ભારતમાં શુભ કાર્યોના પ્રારંભે લેવાતા સંકલ્પોમાં 'ભારતવર્ષ', 'ભરતખંડ', 'જંબુદ્વીપ', 'આર્યાવર્ત' વગેરે શબ્દોનો ઉપયોગ થાય છે.

➡ ભારત દેશની સમૃદ્ધિથી આકર્ષાઈને અનેક વિદેશી પ્રજાઓ પોતાના ભિન્ન ભિન્ન આશયથી આવી અને સ્થાયી થઈ છે તથા ભારતીય સંસ્કૃતિના મહાનદમાં ભળી ગઈ.

➡ લાંબા ગાળાથી આદાન-પ્રદાનની પ્રક્રિયાને લીધે આપણા વારસાનું હસ્તાંતરણ થતાં તેનો સાતત્યપૂર્ણ વિકાસ થયો છે.

➡ આમ, કહી શકાય કે ભારત પ્રાચીન સાંસ્કૃતિક વારસો ધરાવે છે.

26. આર્યો પ્રકૃતિપ્રેમી હતા. - સમજાવો.

➡ આર્યો પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની આરાધના કરતા હતા.

➡ આર્યો વૃક્ષો, પહાડો, સૂર્ય, વાયુ, નદીઓ, વરસાદ વગેરેની પૂજા આરાધના કરતા હતા.

➡ આર્યોએ પ્રકૃતિનાં તત્ત્વોની સ્તુતિઓ (ઋચાઓ)ની રચના કરી હતી.

➡ સમયાંતરે વેદપઠન પ્રચલિત બન્યું. તેમાંથી ધાર્મિક વિધિઓ શરૂ થઈ અને પછી યજ્ઞાદિ ક્રિયાઓ ભારતમાં શરૂ થઈ.

➡ આમ, આર્યો એ પ્રકૃતિપ્રેમી હતા, એમ કહી શકાય.

27. શાસ્ત્રકારોએ ભવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહ્યાં છે. શા માટે ?

➡ શાસ્ત્રકારોએ ભવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહ્યાં છે.

➡ ભવાઈ, એ આશરે 700 વર્ષ જૂની ગુજરાતમાં અસાઇત ઠાકર દ્વારા શરૂ થયેલી જૂની વિશિષ્ટ પ્રકારની નાટ્યકલા છે.

➡ સસ્તા ખર્ચે લોકશિક્ષણ સાથે મનોરંજન કરતી આ નાટ્યકલાને સોલંકી યુગમાં પ્રોત્સાહન અપાયું.

➡ મોટે ભાગે પડદા વિના ભજવાતાં નાટકો, હળવી શૈલીની રમૂજો અને ભૂંગળ વાદ્ય સાથે સંગીતપ્રધાન નાટકો અને વેશમાં મોટે ભાગે રામદેવનો વેશ, ઝંડા ઝૂલણનો વેશ, કજોડાનો વેશ એ ભવાઈની વિશેષતા છે.

➡ ભવાઈના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો પણ સમાવેશ થાય છે.

➡ ગુજરાતમાં કન્યા-કેળવણી, બેટી બચાવો જેવા કાર્યક્રમો માટે રંગલા-રંગલી જેવાં પાત્રો સાથે ભવાઈ નાટ્યપ્રયોગો યોજાય છે.

➡ ભવાઈ ભજવનાર ભવાયાઓ ભૂંગળ વગાડી માતાજીની સ્તુતિ કરતા હોય છે.

28. ગુજરાતમાં સોલંકી યુગના સમયગાળામાં પાટણનાં પટોળાં જગતભરમાં વિખ્યાત બન્યા. શા માટે ?

➡ ગુજરાતમાં સોલંકી યુગના સુવર્ણકાળ દરમિયાન પાટણમાં અનેક સાળવીઓ આવીને વસ્યા.

➡ 

➡ તેમની આવડત અને કૌશલ્યને કારણે પાટણનાં પટોળાં વિશ્વભરમાં જાણીતાં બન્યાં.

➡ અત્યંત અટપટી, જટિલ અને સમય માંગી લેતી આ કલા 850 વર્ષ કરતાં પણ પ્રાચીન છે.

➡ પાટણમાં બનતા રેશમી વસ્ત્ર 'બેવડ ઇક્ત' (ઇક્ત-વણાટ)ને પટોળાં તરીકે ઓળખવામાં આવે છે, જેમાં બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બંને બાજુ પહેરી શકાય છે.

➡ પટોળાં વર્ષો સુધી ટકે છે અને તેનો રંગ પણ જતો ન હોવાથી 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' — એ કહેવત પણ પ્રચલિત છે.

29. નીચે દર્શાવેલ ચિત્રને ઓળખી તેના વિશે ટૂંકમાં માહિતી આપો.



- દિલ્હીમાં આવેલ લાલ કિલ્લાનું નિર્માણ શાહજહાંએ ઈ.સ. 1638માં કરાવ્યું હતું.
- લાલ પથ્થરમાંથી બનેલા આ કિલ્લામાં શાહજહાંએ પોતાના નામથી શાહજહાનાબાદ વસાવ્યું હતું.
- આ કિલ્લાની અંદર દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ, રંગમહેલ જેવી મનોહર ઇમારતો બંધાવી હતી.
- દીવાન-એ-ખાસની ઇમારતની સજાવટમાં સોના, ચાંદી અને કિંમતી પથ્થરોના અદ્ભુત સમન્વય થકી અલંકૃત છે.
- લાલ કિલ્લાની અન્ય ઇમારતોમાં રંગમહેલ, મુમતાજનો શીશમહેલ, લાહોરી દરવાજા, મીના બજાર અને મુઘલ ગાર્ડન વગેરે આકર્ષણોનો સમાવેશ થાય છે.
- આ જ કિલ્લામાં શાહજહાંએ કલાત્મક મયૂરાસનનું સર્જન કરાવ્યું હતું, જેને નાદીરશાહ દિલ્હી પર ચડાઈ કર્યા બાદ પોતાની સાથે ઈરાન લઈ ગયો હતો.
- લાલ કિલ્લો મુઘલ સ્થાપત્યકલાની ઉત્કૃષ્ટ ઇમારતોમાં સ્થાન ધરાવે છે.
- પ્રતિવર્ષ રાષ્ટ્રીય તહેવારોએ લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કરવામાં આવે છે.
- આ વારસાના સ્થળને હાલના ચલણમાં પ્રચલિત 500 રૂપિયાની નોટ પર અંકિત કરવામાં આવેલ છે.

30. અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે થાય છે. શા માટે ?

- અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે કરી શકાય.
- અમદાવાદમાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળોમાં ભદ્રનો કિલ્લો, જામા મસ્જિદ, રાણી સીપ્રીની મસ્જિદ, સરખેજનો રોઝો, કાંકરિયા તળાવ, ઝૂલતાં મિનારા, સીદી સૈયદની જાળી, હઠીસિંગનાં દેરાં, રાણી રૂપમતીની મસ્જિદ જોવાલાયક સ્થાપત્યો છે.
- સાળંગપુર દરવાજા બહાર રાજપુર-ગોમતીપુરમાં આવેલાં ઝૂલતા મિનારા તેના કંપનનાં રહસ્યો વણઉકલ્યા માટે જાણીતાં છે.
- અતિશય બારીક અને સુંદર વાનસ્પતિક ભૌમિતિક રચનાના કારણે સીદી સૈયદની જાળી પ્રખ્યાત છે.

31. વન્યજીવોના વિનાશનાં કારણો જણાવો.

- જંગલ ક્ષેત્રો જળપ્લાવિત વિસ્તારોમાં માનવીય દખલથી વન્યજીવોનાં પ્રાકૃતિક આવાસો જોખમાયાં છે.
- જંગલોનો વિનાશ થઈ રહ્યો છે, જે પ્રાકૃતિક અસંતુલન માટે સૌથી વધારે કારણભૂત છે. જેની સીધી અસર વન્યજીવો પર થતાં તેમની સંખ્યામાં ઘટાડો થયો છે.
- માનવ પોતે પ્રાણીઓનાં વાળ, ખાલ, હાડકાં, શિંગડાં કે નખ-મેળવવાના સ્વાર્થથી કે ક્યારેક શોખથી થતો શિકાર વન્યજીવ વિનાશ માટે જવાબદાર બને છે.
- આજે માનવની લોભ-લાલચ, સડકનિર્માણ, બહુહેતુક યોજનાઓ, ખનન પ્રવૃત્તિ, નવી વસાહતોનું નિર્માણ, નવા ઉદ્યોગની સ્થાપના વગેરેને લીધે જંગલોનો વિનાશ થતો રહ્યો છે. જેનાથી વન્યજીવો નિર્વાસિત થયા છે.
- ઘાસચારો, બળતણ કે પશુચરણ માટે જંગલો પર દબાણ વધી રહ્યું છે.
- જંગલોમાં આગ લાગવાથી અનેક પ્રજાતિ મોતના મુખમાં ધકેલાઈ જાય છે. જો આગ વન્યજીવોનાં બચ્ચાં ઉછેરવાનાં કે ઈંડાં સેવવાના ગાળામાં લાગે ત્યારે અનેક વન્યજીવો પર નકારાત્મક અસર થાય છે.
- પ્રાણીજ ઔષધિઓ કે સુગંધી દ્રવ્યો મેળવવા કરાતો શિકાર તે પ્રજાતિને વિલુપ્તિના (વિનાશના) આરે લાવી દે છે.
- પોતાના કુદરતી નિવાસ અને આહાર ગુમાવતાં પ્રાણીઓ જંગલોની બહાર આવતાં માનવ સાથેની અથડામણમાં ક્યારેક જીવ ગુમાવે છે.

32. પારિભાષિક શબ્દોનો અર્થ : (1) બોક્સાઇટ (2) સીસું

- (1) બોક્સાઇટ
  - બોક્સાઇટ એ એલ્યુમિનિયમની કાચી ધાતુ છે. બોક્સાઇટમાંથી એલ્યુમિનિયમ મેળવવામાં આવે છે. બોક્સાઇટ સૌપ્રથમ વાર 1821માં ફ્રાન્સના લેસ-બાક્સ (Les Baux) પાસેથી મળી આવેલ.
- (2) સીસું
  - સીસું એ મુલાયમ અને વજનમાં ભારે હોય છે. સીસાની ધાતુને 'ગેલેના' કહે છે.

33. ચૂનાના પથ્થરનો ઉપયોગો જણાવો.

➡ ચૂનાના વિવિધ ઉપયોગો નીચે મુજબ છે :

- સિમેન્ટની બનાવટમાં ચૂનાનો વિપુલ ઉપયોગ થાય છે.
- લોખંડ ગાળવા અને રાસાયણિક ઉદ્યોગ, સોડાએશ, સાબુ, રંગ-રસાયણ, મકાન બાંધકામ, કાગળ અને ખાંડ શુદ્ધીકરણમાં ચૂનાનો ઉપયોગ થાય છે.

34. સુતરાઉ કાપડ ઉદ્યોગો કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે ?

➡ ભારતમાં ઉત્તમ પ્રકારના કપાસની અછત છે.

➡ જૂનાં યંત્રોની ચાલુ રહેલી વપરાશ, અનિયમિત વિદ્યુત પુરવઠો, કૃત્રિમ રેસાના કાપડની વધતી માંગ તથા વૈશ્વિક બજારમાં તીવ્ર સ્પર્ધા જેવી સમસ્યાઓ ભારતીય કાપડ ઉદ્યોગ સમક્ષ છે.

35. મને ઓળખો :

(1) ડેનિમ સિટી ઓફ ઇન્ડિયા

(2) સિલિકોન વેલી

➡ (1) ડેનિમ સિટી ઓફ ઇન્ડિયા

- ગુજરાતમાં અમદાવાદને 'ડેનિમ સિટી ઓફ ઇન્ડિયા' કહે છે.

➡ (2) સિલિકોન વેલી

- કમ્પ્યૂટરમાં હાર્ડવેર તથા સોફ્ટવેર ક્ષેત્રે ભારતે ઘણી પ્રગતિ કરી છે. બેંગલૂરુને આ ઉદ્યોગની રાજધાની બનાવ્યું છે. બેંગલૂરુને ભારતની 'સિલિકોન વેલી' કહેવાય છે.

36. આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

➡

| આતંકવાદ | બળવાખોરી |
|---|---|
| આતંકવાદ એ એક વૈશ્વિક સમસ્યા છે. | બળવાખોરી એ જે-તે રાષ્ટ્રની સમસ્યા છે. |
| આતંકવાદ એ જે-તે દેશની અંદર છે અન્ય દેશની વિરુદ્ધ ચાલતી પ્રવૃતિ છે અને આંતરરાષ્ટ્રીય ફલક ધરાવે છે. | બળવાખોરી એ પોતાની સરકાર વિરુદ્ધ અને પ્રાદેશિક ફલક પર વિસ્તરેલી હોય છે. |
| આ પ્રવૃત્તિમાં સ્થાનિક લોકોનો સહકાર હોય કે ન પણ હોય. | આ પ્રવૃત્તિ સ્થાનિક લોકોના સહકાર થકી ચાલતી હોય છે. |
| આતંકવાદ પ્રભાવિત રાષ્ટ્રોનો વિકાસ અટકી જાય છે. | બળવાખોરી પ્રભાવિત રાજ્યો કે પ્રદેશોનો વિકાસ અટકી જાય છે. |

37. નક્સલવાદી આંદોલન વિશે સમજૂતી આપો.

➡ ચીનમાં 'માઓ-ત્સે-તુંગ'ના નેતૃત્વ નીચેની ક્રાંતિથી પ્રેરણા મેળવી ભારતમાં આંદોલનની શરૂઆત થઈ.

➡ ભારતમાં સૌપ્રથમ આ આંદોલનની શરૂઆત ઈ.સ. 1967માં પશ્ચિમ બંગાળના નક્સલબારી ગામથી થઈ એટલે તે નક્સલવાદી આંદોલન તરીકે ઓળખાય છે.

➡ પશ્ચિમ બંગાળથી આ આંદોલનનો છત્તીસગઢ, ત્રિપુરા, કેરલ, મધ્ય પ્રદેશ, ઝારખંડના પહાડી અને જંગલવિસ્તારમાં પ્રારંભ થયો.

➡ આ આંદોલનમાં મુખ્ય બે સંગઠનો છે :

(1) PWG – પિપલ્સ વોર ગ્રૂપ,

(2) MCC – માઓવાદી સામ્યવાદી સંગઠન.

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

38. નીચેનું ચિત્ર જોઈને પ્રશ્નોના ઉત્તરો આપો.

Liberty



(1) આ ચિત્ર કયા પ્રાચીન નગરનું છે ?

(2) આ ચિત્ર કયા રાજ્યમાં આવેલું છે ?

(3) આપેલ પ્રાચીન નગરની વિશેષતાઓ કઈ હતી ?

➥ (1) ધોળાવીરા,

(2) ગુજરાત રાજ્ય,

(3) ધોળાવીરા નગરની વિશેષતાઓ,

➥ ધોળાવીરાના કિલ્લા, મહેલ તેમજ નગરની મુખ્ય દીવાલોને સફેદ રંગ કરવામાં આવ્યો હશે.

➥ નગરની કિલ્લેબંધીની મજબૂત સુરક્ષા છે. આ દીવાલ માટી, પથ્થર અને ઈંટોમાંથી બનાવેલી છે.

➥ પાણીના શુદ્ધીકરણની વ્યવસ્થા અદ્ભુત હતી.

39. ઉત્તર ગુજરાત સ્થિત મંદિર જેનું નકશીકામ ઇરાની શૈલીમાં થયું છે, તે મંદિરનો પરિચય આપો.

➥ મોઢેરા સૂર્યમંદિર :

- ગુજરાતના મોઢેરા (મહેસાણા) ખાતે આવેલ સૂર્યમંદિર ઈ.સ. 1026માં સોલંકી વંશના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું હતું.
- આ મંદિરનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં એવી રીતે રચવામાં આવ્યું છે કે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરના ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠતું અને સમગ્ર વાતાવરણમાં જાણે કે દિવ્યતા પ્રગટતી.
- આ મંદિરમાં સૂર્યની 12 મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે.
- આ મંદિરનું નકશીકામ ઇરાની શૈલીમાં થયેલું જોવા મળે છે.
- મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ નાનાં નાનાં કુલ 108 જેટલાં દેરાં આવેલાં છે. ત્યાં ઉષા અને સંધ્યાકાળે પ્રગટતી દીપમાલાને લીધે એક નયનરમ્ય દૃશ્ય ઊભું થતું હતું.

40. બિહારના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ આવેલી છે, તેની માહિતી આપો.

➥ આપેલ ચિત્ર નાલંદા વિદ્યાપીઠનું છે. જેની સમજૂતી નીચે મુજબ છે :

➥ નાલંદા વિદ્યાપીઠ :

- નાલંદા વિદ્યાપીઠ બિહાર રાજ્યના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે આવેલ પ્રાચીન વિદ્યાપીઠ છે.
- આ વિદ્યાપીઠમાં મહાવીર સ્વામીએ ચૌદ ચાતુર્માસ કર્યા હોવાથી આ સ્થળ જૈનતીર્થ પણ બન્યું છે.
- પાંચમી સદીમાં કુમારગુપ્તે અહીં એક વિહાર બંધાવેલ ત્યારપછી નાલંદાની પ્રસિદ્ધિમાં વધારો થયો હતો.
- દેશ-પરદેશથી અનેક વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવતાં અને નાલંદામાંથી ભણીને બહાર નીકળેલ વિદ્યાર્થી ભારતનો આદર્શ વિદ્યાર્થી ગણાતો હતો.
- આ વિદ્યાપીઠમાં હજારો હસ્તલિખિત ગ્રંથોના અમૂલ્ય ભંડારો હતા અને ગ્રંથાલયવાળો વિસ્તાર 'ધર્મગંજ' તરીકે ઓળખાતો તથા ગ્રંથાલયમાં અભ્યાસ અને સંશોધન કરવા માટે દેશ-વિદેશમાંથી અનેક વિદ્યાર્થીઓ આવતા હતા.
- આ મહાવિદ્યાલયમાં સાત મોટા ખંડો હતા. વ્યાખ્યાન માટેના ત્રણ ખંડો હતા અને વિદ્યાર્થીઓના રહેવા માટેના ખાસ મઠો બાંધવામાં આવ્યા હતા.
- ઈસુની પાંચમીથી અગિયારમી સદી દરમિયાન નાલંદા શિક્ષણના સર્વોત્તમ સ્થાને હતી.
- આ વિદ્યાપીઠને નિર્વાહ માટે અનેક ગામો દાનમાં મળ્યાં હતાં. ગામોની આવકમાંથી વિદ્યાર્થીઓને ભોજન અને વસ્ત્રો વિનામૂલ્યે પૂરાં પાડવામાં આવતાં હતાં.
- મહાન ચીની મુસાફર યુઅન-શ્વાંગ પણ અહીં આવેલા અને 657 હસ્તલિખિત ગ્રંથો પોતાની સાથે ચીન લઈ ગયા હતા.
- આ મહાન વિશ્વ વિદ્યાલય આજે માત્ર ખંડેર અવસ્થામાં જોવા મળે છે.

41. આપેલા શબ્દોને વ્યાખ્યા સ્વરૂપે લખો.

Liberty

(1) વિરલ સંસાધન

(2) જમીન

➥ (1) વિરલ સંસાધન

➠ જે સંસાધનનાં પ્રાપ્તિસ્થાનો મર્યાદિત હોય તેવી ખનિજોને વિરલ સંસાધન તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત., કોલસો, પેટ્રોલિયમ, તાંબું, સોનું, યુરેનિયમ વગેરે ખનિજો.

➥ (2) જમીન

➠ જમીન એટલે પૃથ્વીના પોપડાની સૌથી ઉપરની સપાટી કે પડ જેમાં વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી એવાં ખનીજ દ્રવ્યો અને જૈવિક દ્રવ્યો આવેલાં હોય છે.

41. કાળી જમીન વિશે નોંધ લખો.

➥ આ જમીનનો ઉદ્ભવ દખ્ખણમાં લાવા પથરાવવાથી થયો છે, એટલે આ જમીનના નિર્માણમાં લાવાયિક ખડકો અને આબોહવાની ભૂમિકા મુખ્ય છે.

➥ કાળી અથવા રેગુર જમીન ભારતના કુલ ક્ષેત્રફળના લગભગ 15% ક્ષેત્રફળમાં ફેલાયેલી છે.

➥ ભારતમાં મહારાષ્ટ્ર, પશ્ચિમી મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકનો કેટલોક ભાગ તથા ગુજરાતમાં સુરત, ભરૂચ, નવસારી, વડોદરા, તાપી અને ડાંગ જિલ્લામાં આ પ્રકારની જમીન જોવા મળે છે.

➥ કાળી જમીનમાં લોહ, ચૂનો, કેલ્શિયમ, પોટાશ, એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ કાર્બોનેટનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેથી તેની ફળદ્રુપતા સારી હોય છે.

➥ કાળી જમીનમાં ભેજ સંગ્રહશક્તિ વધુ હોય છે, પણ જ્યારે ભેજ સુકાય ત્યારે તેમાં મોટી ફાટ કે ચીરાં (ફાટ) પડી જાય છે.

➥ આ જમીન કપાસના પાકને વિશેષ અનુકૂળ હોવાથી તેને 'કપાસની કાળી જમીન' પણ કહે છે.

➥ આ જમીનમાં કપાસ, અળસી, સરસવ, મગફળી, તમાકુ અને અડદ જેવાં કઠોળ વર્ગના પાક લેવામાં આવે છે.

42. કાળી જમીનને 'કપાસની જમીન' કહેવામાં આવે છે. કારણ આપો.

➥ કાળી જમીનના નિર્માણમાં લાવાકીય ખડકો અને આબોહવાની મુખ્ય ભૂમિકા હોય છે.

➥ કાળી જમીનમાં લોહ, ચૂનો, કેલ્શિયમ, પોટાશ, એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમનું પ્રમાણ વધારે હોય છે.

➥ કાળી જમીનની ફળદ્રુપતા ખૂબ સારી હોય છે.

➥ કાળી જમીનની ભેજસંગ્રહણશક્તિ ઘણી વધુ હોય છે.

➥ કપાસના પાકને વિશેષ અનુકૂળ હોવાથી કાળી જમીનને 'કપાસની જમીન' પણ કહેવામાં આવે છે.

43. પર્યાવરણની સુરક્ષા માટેનાં પગલાં વર્ણવો.

➥ પર્યાવરણની સુરક્ષા માટે સ્વીડનના સ્ટોકહોમ શહેરોમાં 1972માં પ્રથમ વખત 'પૃથ્વી પરિષદ'નું આયોજન થયું.

➥ ત્યારબાદ સમયાંતરે જુદાં જુદાં સંમેલનો અને શિબિરો યોજાઈ. જેમાં પર્યાવરણ સુરક્ષા માટે અનેક પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.

➥ ભારત પણ વૈશ્વિક પ્રયાસોમાં સામેલ છે અને રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ જાગૃતિ માટે વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે.

➥ જેમાં ...

(1) દેશનાં મુખ્ય શહેરોના પ્રદૂષણની માહિતી પ્રગટ થાય છે.

(2) પ્રદૂષણ નિયંત્રણ માટે કેન્દ્ર તથા રાજ્ય દ્વારા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

(3) વિશ્વભરમાં 5મી જૂનને 'પર્યાવરણ દિન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

(4) 1981માં ભારત સરકારે 'વાયુ-પ્રદૂષણ નિયંત્રણ ધારો' પસાર કર્યો.

(5) ઓઝોનના સ્તરનું ગાબડું, પરમાણુ કચરાનો નિકાલ અને જૈવિક વિવિધતાની જાળવણી માટે વૈશ્વિક સમજૂતીઓ થઈ છે.

➥ આમ, પર્યાવરણના રક્ષણની જવાબદારી આપણા સૌની છે. જો આપણે પ્રદૂષણ પર અંકુશ નહીં મૂકીએ તો પૃથ્વી ઉપરનું સમગ્ર જીવન નષ્ટ થઈ શકે છે.

44. નીચે આપેલાં ચિત્રોને ઓળખી તેનાં પૂરાં નામ લખો.

➥ (1) ISI – Indian Standard Institue

(2) FPO – Food Prodduct Order

(3) MPO – Meat Processing Optimiser

45. વર્તમાન સમયમાં ગ્રાહકનું શોષણ કઈ કઈ રીતે થઇ શકે છે?

- ઉત્પાદકો અને વેપારીઓ દ્વારા ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ થાય છે, જે નીચે મુજબ છે :
  - ભળતાં ઉત્પાદનો દ્વારા પસંદગીમાં છેતરામણી દ્વારા
  - વસ્તુના પેકિંગ પર છાપેલ મહત્તમ કિંમત કરતાં પણ વધુ કિંમત વસૂલીને.
  - ઓછું વજન આપીને ઓછા તોલમાપ દ્વારા
  - હલકી-ખામીયુક્ત કે નકલી વસ્તુ/માલ કે સેવા પૂરી પાડીને
  - ગ્રાહકના આરોગ્યને હાનિકારક થાય કે જોખમ થાય તેવી ભેળસેળવાળી વસ્તુઓ પૂરી પાડીને
  - વેચાણ પછીની સેવાઓ પૂરી પાડીને
  - વીજળી, બેન્ક, વીમો-ટેલિફોન કે દાક્તરી સેવામાં બેદરકારી દાખવીને કે ખામીયુક્ત સેવા પૂરી પાડીને
  - ગ્રાહક સાથે દુર્વ્યવહાર કે ગ્રાહકની માનહાનિ થાય તેવો વિક્રેતા કે વેપારી દ્વારા વ્યવહાર થાય
  - આકર્ષક, લોભામણે કે ભ્રામક જાહેરાતો દ્વારા વસ્તુ કે સેવાની સાચી પસંદગીમાં ગ્રાહકની છેતરામણી
  - વેચાણની ભ્રષ્ટ રસમો અજમાવીને
  - ગ્રાહકને શારીરિક-માનસિક નુકસાન ભોગવવું પડે તેવો નકલી માલસામાન વેચીને
  - વસ્તુ કે પેદાશની કૃત્રિમ અછત ઊભી કરીને
  - નિર્ધારિત શરતો કે માપદંડ મુજબ બાંધકામ, ચીજવસ્તુઓ કે સેવાઓ જરૂરી ન પાડીને
- આમ, ઉપરોક્ત રીતરસમો અજમાવીને ઉત્પાદકો કે વેપારીઓ ગ્રાહકને શારીરિક-માનસિક તથા આર્થિક નુકસાન પહોંચાડે છે અને ગ્રાહકોનું શોષણ કરે છે.

46. ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકેલી છે? - સમજાવો.

- ગુજરાતમાં મહિલાઓના ઉત્કર્ષનાં ત્રણ પાસાંઓ જેવાં કે મહિલાઓનું શૈક્ષણિક સશક્તિકરણ, મહિલા આરોગ્ય અને મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા કેન્દ્રિત જેન્ડર બજેટમાં વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.
- ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ નીચે મુજબ છે :

(1) શાળા-પ્રવેશોત્સવ અને કન્યા-કેળવણી રથયાત્રા :

- આ યોજના કન્યા-કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુથી શરૂઆત થઈ, જેના લીધે શાળાઓમાં 100% નામાંકન અને મહિલા સાક્ષરતા દરમાં વધારો જોવા મળેલ છે.

(2) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના :

- 35% થી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતાં ગામ-શહેરી વિસ્તારમાં વસતાં અને ગરીબીરેખાની નીચે જીવતાં કુટુંબોની દીકરીઓને પ્રાથમિક કે માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવતી વખતે આ બોન્ડ આપવામાં આવે છે.

(3) સરસ્વતી સાધના યોજના :

- આ યોજના અન્વયે દર વર્ષે દોઢ લાખ કન્યાઓને વિનામૂલ્યે સાઇકલો આપવામાં આવે છે. બહારગામ કે શહેરોમાં અભ્યાસ માટે જતી દીકરીઓને ST બસમાં મફત મુસાફરીની સુવિધા રાખવામાં આવે છે.

(4) સબલા યોજના :

- કિશોરીઓને પોષણયુક્ત આહાર તેમજ તેમનાં કૌશલ્ય-વિકાસ માટે અમલી બનાવી છે.

(5) અનામતની જોગવાઈ :

- ગુજરાત સરકારે મહિલાઓ માટે સરકારી નોકરીઓમાં 33% અનામતની તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા અનામત 33% થી વધારીને 50% કરવામાં આવેલ છે.

(6) રાષ્ટ્રીય સ્વાવલંબન યોજના :

- આ યોજનામાં શ્રમજીવીઓ અને વૃદ્ધોને પાછલી ઉંમરે જીવનનિર્વાહ માટે પેન્શન મળે તેવો હેતુ છે. આ ઉપરાંત નિરાધાર વિધવા અને મહિલાઓ ઓશિયાળું જીવન જીવવા લાચાર ન બને તે માટે તેમને આર્થિક સહાય આપવામાં આવે છે.

(7) મિશન મંગલમ્ યોજના :

- આ યોજનામાં મહિલાઓને પગભર બનાવવા માટે સખીમંડળ દ્વારા સરકાર આર્થિક સહાય કરે છે.

(8) ઇ-મમતા કાર્યક્રમ :

- મહિલાને આરોગ્ય માટે મોબાઇલ ટેક્નોલોજી દ્વારા નોંધણી કરીને પ્રસૂતિ સંબંધિત મૃત્યુ ઘટાડવાનો પ્રયાસ છે. તેમજ નિયમિત આરોગ્ય તપાસ અને બાળકના રસીકરણનો ખ્યાલ રખાય છે.

(9) બેટી બચાવો :

- જાતિભેદ નાબૂદી માટેની આ યોજનામાં 'બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાઓ' દ્વારા સ્ત્રી સશક્તિકરણ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

Liberty

(10) ચિરંજીવી યોજના :

➥ આ યોજના અનુસૂચિત જાતિ અને જનજાતિના સામાન્ય પરિવારોની પ્રસૂતા મહિલાઓને પ્રસૂતિકાળે દવાઓ, લેબોરેટરી તપાસ, ઓપરેશન જેવી સેવા વિનામૂલ્યે પૂરી પાડવાની જોગવાઈ છે.

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. જ્યોતિષશાસ્ત્રમાં ભારતનું પ્રદાન વર્ણવો.

➥ ભારતના વહારમિહિર મહાન ખગોળવેત્તા તથા જ્યોતિષશાસ્ત્રી હતા.

➥ વહારમિહિરે 'બૃહદ્સંહિતા' ગ્રંથની રચના કરી તથા જ્યોતિષશાસ્ત્રને ત્રણ ભાગમાં વહેંચ્યું.

(1) તંત્ર, (2) હોરા, (3) સંહિતા.

➥ 'બૃહદ્સંહિતા'માં આકાશી ગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરો, મનુષ્યોનાં લક્ષણો, પ્રાણીઓના વર્ગો, લગ્નમુહૂર્ત તથા કૂવા, તળાવ, બગીચા, ખેતવાવણી વગેરે પ્રસંગોનાં શુભ મુહૂર્તોની માહિતી દર્શાવી છે.

➥ આપણે ગર્વ લઈ શકીએ કે, આપણા પૂર્વજોએ જ્યોતિષશાસ્ત્રમાં કેવી નિપુણતા ધરાવતા હતા.

➥ ગ્રહો અને તેમની ગતિ, નક્ષત્રો તથા અન્ય આકાશી પદાર્થો વગેરે ઉપરથી ગણતરી કરીને જ્યોતિષશાસ્ત્રનો સારો વિકાસ થયો હતો.

➥ ખાસ કરીને ગ્રહો ઉપરથી ફળ પ્રમાણે જ્યોતિષ ફલિત કરવામાં આવતું.

➥ ભારતે જ્યોતિષશાસ્ત્રમાં મહામૂલું પ્રદાન આપેલ છે.

48. પ્રાચીન ભારતનું ધાતુવિદ્યામાં પ્રદાન જણાવો.

➥ પ્રાચીનકાળથી જ ભારતના લોકો ધાતુવિદ્યાનો વ્યાવહારિક જીવનમાં ઉપયોગ કરતા હતા.

➥ પ્રાચીન ભારતે ધાતુવિદ્યામાં અદ્વિતીય સિદ્ધિઓ હાંસલ કરી હતી.

➥ સિંધુકાલીન સંસ્કૃતિમાંથી મળી આવેલી ધાતુની નર્તકીની પ્રતિમા.

➥ તક્ષશિલામાંથી પ્રાપ્ત થયેલી કૃષાણ રાજવીના સમયની ભગવાન બુદ્ધની પ્રતિમાઓ.

➥ ચોલ રાજવીના સમયમાં તૈયાર થયેલાં અનેક ધાતુશિલ્પો.

➥ ચેન્નઈના સંગ્રહાલયમાં સચવાયેલું નટરાજ અને ધનુર્ધારી શ્રીરામનું શિલ્પ.

➥ મહાદેવ નટરાજનું શિલ્પ એ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નાદન્ત નૃત્યકલાનો શ્રેષ્ઠ નમૂનો છે.

➥ આ ઉપરાંત દેવ-દેવીઓની કલાત્મક પ્રતિમા, પશુ-પક્ષીઓ અને સોપારી કાપવાની સૂડી વગેરેને ઉદાહરણ તરીકે ગણાવી શકાય.

➥ ભારતમાં ધાતુશિલ્પો બનાવવાની પરંપરા દસમી-અગિયારમી સદીમાં વધુ વિકસી હતી.

49. ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટેક્નિકલ્ સુધારાઓ વર્ણવો.

➥ (1) યાંત્રિકીકરણ : કૃષિક્ષેત્રે દાતરડું, હળ, ગાડું જેવાં ટાંચાં અને સાદાં સાધનોના સ્થાને આધુનિક ઉપકરણો જેવાં કે ટ્રેક્ટર, ટ્રેલર્સ, રોટાવેટર ઉપરાંત લણણી કે કાપણી માટેનાં થ્રેસર, હાર્વેસ્ટર જેવાં આધુનિક ઉપકરણો વપરાવાથી ખેતી સરળ બની છે.

➥ (2) સિંચાઈ : ખેડૂતો પહેલાં કોસ, રહેંટના સ્થાને સબમર્સિબલ કે મોનોબ્લોક પંપ, સોલર પંપ, તથા ટપક કે ફુવારા સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ વધતો ગયો છે.

➥ (3) રાસાયણિક ખાતરો : કૃષિક્ષેત્રે વર્તમાન સમયમાં D.A.P., N.P.K. અને યૂરિયા તેમજ જૈવિક ખાતરો, પ્રવાહી જૈવિક ખાતરનો ઉત્તરોત્તર ઉપયોગ વધતા કૃષિ-ઉત્પાદનમાં વધારો થયો છે.

➥ (4) હાઇબ્રીડ બિયારણો : કૃષિક્ષેત્રે નવાં નવાં સંસાધનો થકી બિયારણની નવી નવી જાતો વિકસાવવામાં આવી છે. જેમાં બીટી બિયારણ મુખ્ય છે.

➥ (5) ગ્રામસેવકો : ખેડૂતોને ખેતીલક્ષી માહિતી અને માર્ગદર્શન અથવા કે કૃષિ સંશોધનોથી ખેડૂતોને માહિતીગાર કરવા ગ્રામસેવકોની દરેક ગામડાંમાં નિયુક્તિ થઈ છે.

➥ (6) તાલીમકેન્દ્રો : દરેક જિલ્લામથકે અત્યાધુનિક ખેત-પદ્ધતિથી ખેડૂતોને પ્રશિક્ષિત કરવા માટે ખેડૂત તાલીમકેન્દ્રો સ્થપાયાં છે તથા કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને અદ્યતન સાધન-સામગ્રી ઉપરાંત માહિતી-માર્ગદર્શન અપાય છે.

➥ (7) કૃષિ યુનિવર્સિટીઓ : ભારતના દરેક રાજ્યમાં કુશળ કૃષિવિદ્ અને નવાં-નવાં સંશોધન અર્થે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે ગુજરાતમાં દાંતીવાડા, જૂનાગઢ, આણંદ અને નવસારી ખાતે કૃષિ યુનિવર્સિટી સ્થપાયેલી છે.

➥ (8) સંશોધક સંસ્થા : ભારતમાં કૃષિક્ષેત્રે સંશોધન કરતી સંસ્થાઓ પણ સ્થપાઈ છે. જેવી કે,

- ICAR – ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ
- DARE – ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ એન્ડ એજ્યુકેશન

➥ (9) પ્રચાર અને પ્રસાર : સરકાર દ્વારા ખેડૂતોને રેડિયો, ટીવી, વર્તમાનપત્રો, DD કિસાન ચેનલ, મોબાઇલ પર SMS, ટોલ ફ્રી નંબર 18001801551, ખેડૂત વેબપોર્ટલ i-ખેડૂત, મોબાઇલ એપ દ્વારા સતત માહિતી, નવી તક્નિકો અને માર્ગદર્શન ઉપરાંત હવામાન સંદર્ભે જાણકારી પૂરી પાડવામાં આવે છે.

Liberty

50. વિશ્વબજાર અને ભારતની ખેતી વિશે નોંધ લખો.

➡ ભારતના ખેડૂતો પોતાની ખેતપેદાશો વૈશ્વિક બજારમાં વેચીને નફો પ્રાપ્ત કરી શકે તેવા ઉદ્દેશથી ખેતીક્ષેત્રે વૈશ્વિકીકરણની નીતિ અમલમાં મુકાઈ છે.

➡ વૈશ્વિકીકરણને લીધે કૃષિક્ષેત્રે કેટલાંક પરિવર્તનો આવ્યાં છે.

➡ ભારતમાં ખેતીના પાકોની આયાત કે નિકાસ કરવા માટેની પ્રક્રિયા સરળ બનાવાઈ છે.

➡ ગુજરાતમાંથી કપાસ, મરચાં, તલ ચીનના બજારમાં અને વિશ્વનાં વિવિધ ફળો અને કૃષિઊપજો ભારતના બજારમાં મળતાં થયાં છે.

➡ વૈશ્વિકીકરણથી ભારતમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા વેચવામાં આવતાં મોંઘા ભાવના ‘જિનેટિકલી મોડિફાઇડ’ બિયારણો આવ્યાં છે. જેના લીધે ખેતી ખર્ચાળ બની છે.

➡ જોકે કપાસ-મકાઈ જેવા પાકોની ઉત્પાદકતા વધી છે.

➡ આયાત સરળ થતાં ઘરઆંગણે આપણાં કૃષિ-ઉત્પાદનોને વૈશ્વિક સ્પર્ધાનો સામનો કરવો પડે છે.

➡ કેટલાંક ઉત્પાદનોને વૈશ્વિક બજાર પ્રાપ્ત થતાં તેમના પેટન્ટ રજિસ્ટ્રેશનની જરૂર ઊભી થઈ છે. વિશ્વના બજારમાં આપણી ગુણવત્તાસભર કૃષિપેદાશની પેટન્ટ દેશના નામે નોંધાવવી જરૂરી છે.

➡ ભારતે કૃષિક્ષેત્રે વૈશ્વિક બજારોમાં થતી સ્પર્ધાનો સામનો કરવા નવી ટેક્નોલોજી અપનાવી ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

51. ગરીબી એટલે શું ? ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનાં લક્ષણો જણાવો.

➡ ગરીબીનો અર્થ :

- સમાજનો મોટો વર્ગ તેના જીવનની મૂળભૂત અને પાયાની જરૂરિયાતો જેવી કે, અન્ન, વસ્ત્ર, રહેઠાણ તથા શિક્ષણ અને આરોગ્યની સેવાઓ ન્યૂનતમ માત્રામાં પણ ભોગવવાથી વંચિત રહીને જીવન ગુજારતો હોય ત્યારે સમાજની તેવી સ્થિતિને વ્યાપક કે દારૂણ ‘ગરીબી’ કહે છે.
- ગરીબી એ ગુણાત્મક ખ્યાલ છે.
- ભારતમાં ગરીબીને વ્યક્તિના જીવનના લઘુતમ સ્તર તરીકે જીવામાં આવે છે.

➡ ગરીબીરેખા નીચે જીવતા લોકોનાં સામાન્ય લક્ષણો :

- વ્યક્તિને બે ટંક પૂરતું ભોજન મળતું ન હોય.
- જેઓ સતત પોષણક્ષમ આહારના અભાવે નાના-મોટા રોગોથી પીડાતા હોય.
- જેમનાં બાળકોનું કુપોષણના લીધે બાળમૃત્યુનું પ્રમાણ ઊંચું રહેતું હોય.
- તેનું આયુષ્ય રાષ્ટ્રીય સરેરાશ આયુષ્યદરથી પણ ઓછું હોય.
- તેની આવક નિર્ધારિત અપેક્ષિત આવકથી પણ ઓછી હોય.
- જેમનાં બાળકોને કુટુંબની આવકમાં વધારો કરવાની ફરજે ભણવાની ઉંમરે મજૂરી કે કામધંધે જવા મજબૂર થવું પડતું હોય.
- જેઓ મોટે ભાગે નિરક્ષર હોય.
- રહેવા માટે પૂરતી માત્રામાં મોકળાશવાળી જગ્યા પ્રાપ્ત ન થઈ હોય.
- નાછૂટકે ગંદા વસવાટ કે સ્લમ વિસ્તારોમાં વસવાટ કરવો પડતો હોય.

52. વિશ્વ શ્રમબજાર વિશે સમજૂતી આપો.

➡ વૈશ્વિકસ્તરે દેશ-દેશ વચ્ચે શ્રમિકોનું આદાન-પ્રદાન થાય છે તેને વિશ્વ શ્રમબજાર કહે છે.

➡ વૈશ્વિક સ્તરે શ્રમિકોનું સ્થળાંતર રોજગારી અર્થે, વેપારધંધા અર્થે, કે તાલીમ કે ઉચ્ચ અભ્યાસ માટે થતું હોય છે. અને આવી રીતે થતાં શ્રમિકોના સ્થળાંતરને આંતરરાષ્ટ્રીય શ્રમની ગતિશીલતા કહે છે.

➡ કેટલાક લોકો ઉચ્ચ શૈક્ષણિક કે ટેક્નિકલ જ્ઞાન માટે અથવા કૌશલ્યની પ્રાપ્તિ અર્થે વિદેશમાં જાય છે. જેનો મુખ્ય હેતુ વધુ આવક સુવિધા કે વધુ સારી નોકરીની શોધમાં બૃદ્ધિધનનું બહિર્ગમન ‘બ્રેઇન ડ્રેઇન’ એ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર છે.

➡ સામાજિક મોભો વધારતું આ દેશાવરગમન હમણાં વધુ ધ્યાનાકર્ષક રીતે પ્રચલિત થયું છે.

➡ આજે બુદ્ધિશાળી અને પ્રતિભાશાળી વ્યક્તિઓ, તાલીમ પામેલ કુશળ અને સુસજ્જ કારીગરોના અન્ય દેશોમાં સ્થળાંતર થવાના કે ત્યાં જ સ્થાયી થવાના વધતાં વલણના કારણે આપણા દેશમાં બુદ્ધિપ્રતિભા ધરાવતી, ટેક્નિકલ જ્ઞાનસંપન્ન અને વૈજ્ઞાનિક માનસ ધરાવતી તેજસ્વી પ્રતિભાની ખોટ વર્તાય છે.

➡ વૈશ્વિકીકરણ અને ઉદારીકરણને લીધે અર્થવ્યવસ્થામાં એક નવી સ્થિતિનું સર્જન થવા લાગ્યું છે.

➡ અત્યાધુનિક કુશળ અને માહિતી તક્નિક, સંદેશાવ્યવહાર, ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, કમ્પ્યૂટર ક્ષેત્રે કે દાક્તરી અભ્યાસના ક્ષેત્રે જ્ઞાન અને કુશળતા પ્રાપ્ત કરનારની માંગ વધી છે.

➡ આજે અનેક કંપની કે સંસ્થા આવા વિશિષ્ટ શૈક્ષણિક લાયકાત અને કુશળતા પ્રાપ્ત લોકોની, તાલીમી શ્રમિકોની કે તજ્જ્ઞોની ભરતી કરે છે. તેમજ તેમને આકર્ષવા લોભામણી યુક્તિ-પ્રયુક્તિ અને રીતરસમો અપનાવે છે.

➡ વૈશ્વિક સ્તરે ઔદ્યોગિક એકમો હરીફાઈમાં ટકી રહેવા માટે પોતાને જરૂરી હોય તેવી આવશ્યક લાયકાત, જ્ઞાન, કૌશલ્ય પ્રાપ્ત કર્મચારીઓને ઉચ્ચ તાલીમ

Liberty

આપવા વિદેશોમાં તાલીમ અર્થે મોકલે છે.

- જોકે આવી વ્યક્તિઓના સ્થળાંતર થકી દેશમાં વિદેશી ચલણ સ્વરૂપે આવક પ્રાપ્ત થાય છે. આ રીતે વિદેશી ધન દેશમાં આવતાં વિદેશી કમાણીથી દેશમાં વિદેશી ચલણ કે હૂંડિયામણની સમસ્યા કંઈક અંશે હળવી બને છે.

53. અસામાજિક પ્રવૃત્તિ - ભ્રષ્ટાચાર એ વૈશ્વિક દૂષણ છે. - તેની અર્થતંત્ર અને સમાજ પર વિપરીત અસરો જણાવો.

- ભ્રષ્ટાચાર એ વૈશ્વિક દૂષણ છે.
- વિશ્વબેન્કની વ્યાખ્યા મુજબ, “ભ્રષ્ટાચાર એટલે સાર્વજનિક હોદ્દો કે પદનો વ્યક્તિગત લાભ લેવા માટે ઉપયોગ કરવો તે”.
- આમ, ભ્રષ્ટાચાર એ પદ અને સત્તાના દુરુપયોગથી જન્મે છે.
- ભ્રષ્ટાચારની અર્થતંત્ર અને સમાજ પર વિપરીત અસર પડે છે, જે નીચે મુજબ છે :
- ભ્રષ્ટાચારથી સમાજમાં નૈતિક મૂલ્યો અને નીતિ-નિયમોનું ધારાધોરણ નીચું જાય છે.
- અર્થતંત્રમાં કાળાં નાણાંની સમસ્યા ઉદ્‌ભવે છે, જે રાષ્ટ્રના વિકાસને અવરોધે છે.
- દેશના કાયદાઓ, ન્યાયપ્રણાલી, સત્તા અને વહીવટી તંત્ર પર લોકોનો વિશ્વાસ ઘટે છે.
- પ્રામાણિક વ્યક્તિઓ ભ્રષ્ટાચાર થકી હતાશા અને નિરાશા અનુભવે છે.
- માનવ અધિકારોનું હનન થાય છે.
- સમાજમાં અન્યાય અને આવકની અસમાનતા વધે છે. જેનાથી વર્ગવિગ્રહ ઉદ્‌ભવે છે.
- ભ્રષ્ટાચારથી લોકોમાં નૈતિકતા અને રાષ્ટ્રીય ચારિત્ર્ય જોખમાય છે અને આર્થિક વ્યવસ્થાનું સ્તર ઉત્તરોત્તર નીચું જાય છે.

Liberty